# India's participation in the Intra-Afghan negotiations

September 12, 2020

## આંતર-અફઘાન વાટાઘાટોમાં ભારતની સહભાગીતા

સપ્ટેમ્બર 12, 2020

વિદેશ મંત્રીએ 12 સપ્ટેમ્બર 2020 નાં રોજ દોહામાં યોજાયેલ આંતર-અફઘાન વાટાઘાટોનાં પ્રારંભિક સત્રમાં VTC મારફત ભાગ લીધો હતો. વિદેશ મંત્રીની સહભાગીતા કતારનાં માજી વડાપ્રધાન અને વિદેશ મંત્રી મહામહિમ મોહમદ બિન અબ્દુલરહમાન બિન જાસિમ અલ થાની દ્વારા તેમને આપવામાં આવેલા આમંત્રણનાં પ્રતિભાવમાં હતી.

પોતાનાં સંબોધનમાં, વિદેશ મંત્રીએ ભારત અને અફઘાનિસ્તાન વચ્ચે હજારો વર્ષ જૂના સંબંધનો સંદર્ભ લીધો હતો, જે તેણે કહ્યું હતું કે સમયની કસોટી પર પાર ઉતર્યો હતો. વિદેશ મંત્રીએ અફઘાનિસ્તાનમાં તમામ 34 પ્રાંતોમાં 400 થી વધારે પરિયોજનાઓ પૂર્ણ કરવા સાથે અફઘાનિસ્તાનનાં મોટા વિકાસ સાથીદાર તરીકે ભારતની ભૂમિકા પર પ્રકાશ પાડ્યો હતો.

વિદેશ મંત્રીએ જણાવ્યું હતું કે અફઘાનિસ્તાન પર ભારતની નીતિ સાતત્યપૂર્ણ રહી હતી. ભારત માને છે કે કોઈપણ શાંતિ પ્રક્રિયા અફઘાન-સંચાલિત, અફઘાન-માલિકીની અને અફઘાન-નિયંત્રિત હોવ અનિવાર્ય છે, અફઘાનિસ્તાનનાં રાષ્ટ્રિય સાર્વભૌમત્વ અને ક્ષેત્રિય અખંડિતતાનો આદર કરતી હોવી જોઈએ અને અફઘાનિસ્તાનમાં લોકતાંત્રિક ઈસ્લામિક ગણરાજ્યની સ્થાપનામાં થયેલી પ્રગતિનું સંરક્ષણ કરતી હોવી જોઈએ. લઘુમતિઓ, સ્ત્રીઓ અને સમાજનાં નબળા વર્ગોનાં હિતોનું રક્ષણ કરવું અનિવાર્ય છે અને સમગ્ર દેશ અને તેનાં પાડોશીઓમાં હિંસાની સમસ્યાને અસરકારક રીતે સંબોધવી જોઈએ.

સ્વતંત્ર અને સાર્વભૌમ રાષ્ટ્રમાં શાંતિપૂર્ણ અને સમૃદ્ધ ભવિષ્યની અફઘાનિસ્તાનનાં લોકોની રહેલી આકાંક્ષાઓ પૂર્ણ કરવામાં આંતર-અફઘાન વાટાઘાટોની સફળતા માટે વિદેશ મંત્રીએ શુભેચ્છાઓ પાઠવી હતી.

વિદેશ મંત્રાલયમાં સંયુક્ત સચિવ (PAI) શ્રી જે પી સિંઘની આગેવાનીમાં એક વરિષ્ઠ અધિકૃત પ્રતિનિધિમંડળે દોહામાં ઉદ્ઘાટન સમારોહમાં ભાગ લીધો હતો.

**નવી દિલ્હી**
**સપ્ટેમ્બર 12, 2020**

DISCLAIMER: This is an approximate translation. The original is available in English on MEA’s website and may be referred to as the official press release.